# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 22-01-2026 Day: Thursday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **અશરફ નથવાણી** વાંચે છે.

---

## કમોસમી વરસાદની આગાહી

**હવામાન વિભાગે કચ્છ સહિતના જિલ્લાઓમાં માવઠાંની આગાહી કરી છે. જે પૈકી આજે અને આવતીકાલે કચ્છ, બનાસકાંઠા અને પાટણમાં યલો એલર્ટ સાથે વરસાદની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે. હવામાન વિભાગના ડાયરેક્ટર ડો. એ. કે. દાસના જણાવ્યા અનુસાર, વેસ્ટર્ન ડિસ્ટર્બન્સને કારણે કમોસમી માવઠાની પડવાની શક્યતા છે. માછીમારોને આગામી બે દિવસ દરિયો ન ખેડવા સૂચના આપવામાં આવી છે.**

**દરમ્યાન, ઠંડીની વાત કરીએ તો લઘુતમ તાપમાનમાં 2થી 3 ડિગ્રી સેલ્સિયસ જેટલો ઘટાડો થવાની શક્યતા છે જેથી આગામી બે દિવસ ઠંડીનું જોર વધશે. આજે નલિયામાં 10.4 જયારે ભુજમાં 15.4 ડિગ્રી સેલ્સિયસ લઘુત્તમ તાપમાન નોંધાયું હતું.**

**----------------------------------------------------------------------------------------**

## માવઠાની આગાહી – ખેડૂતોને સૂચના

**હવામાન ખાતાની આગાહીને જોતા વાદળ છાયું વાતાવરણ અને વરસાદને અનુલક્ષીને પાકના રક્ષણ માટે તકેદારીનાં પગલા લેવા ખેતીવાડી વિભાગ દ્વારા ખેડૂતોને સૂચન આપવામાં આવ્યા છે.જેમાં ખેત ઉત્પાદિત પાક, ખેતરમાં કાપણી કરેલ પાક ખુલ્લા હોય તો તેને તાત્કાલિક સલામત સ્થળે ખસેડવાની કાર્યવાહી કરવા અથવા પ્લાસ્ટિક કે તાડપત્રીથી યોગ્ય રીતે ઢાંકી દેવા અને ઢગલાની ફરતે માટીનો પાળો બનાવી વરસાદનું પાણી ઢગલાની નીચે જતું અટકાવવા જણાવવામાં આવ્યું છે.**

**આ ઉપરાંત, જંતુનાશક દવાઓ અને ખાતરનો ઉપયોગ આ સમયગાળા પૂરતો ટાળવા તેમજ ખાતર અને બિયારણનો જથ્થો પલળે નહીં તે મુજબ સુરક્ષિત રાખવા પણ સલાહ આપવામાં આવી છે. વધુ માહિતી માટે કિસાન કોલ સેન્ટર ટોલ ફ્રી નંબર – ૧૮૦૦૧૮૦૧૫૫૧ નો સંપર્ક કરવા અખબારી યાદીમાં જણાવાયુ છે.**

---

## ભુજ – બાંદ્રા ટ્રેન

**કચ્છ મુંબઈ વચ્ચેની ટ્રેનોમાં હાલમાં ભારે ટ્રાફિક જોવા મળી રહ્યો છે ત્યારે બાંદ્રા-ભુજ સ્પેશિયલ ટ્રેનના 20 ફેરા વધારવામાં આવ્યા છે. બાંદ્રા ટર્મિનસથી ભુજ ટ્રેન નં. 09009 દર રવિવારે સાંજે 7 ને 25 મીનીટે બાંદ્રાથી ઉપડી બીજા દિવસે સવારે 9 વાગીને 50 મીનીટે ભુજ પહોંચશે. 22 ફેબ્રઆરી સુધી આ રેલ સેવા ચાલુ રહેશે. એ જ રીતે ભુજ થી બાંદ્રા ટર્મિનસ માટે ટ્રેન નં.09010 દર સોમવારે ભુજથી બપોરે 2 વાગે ઉપડી બીજા દિવસે સવારે 5 વાગીને 10 મીનીટે બાંદ્રા ટર્મિનસ પહોંચશે. આગામી 24 ફેબ્રુઆરી સુધી આ સેવા ઉપલબ્ધ રહેશે.**

**આ ઉપરાંત, ટ્રેન નં.09011 દર મંગળવારે ઉપડશે. 25 ફેબ્રુઆરી સુધી ચાલનારી આ ટ્રેન બાંદ્રા ટર્મિનસથી રાત્રે 11 ને 55 મીનીટે ઉપડી બીજા દિવસે બપોરે અઢી વાગે ભુજ પહોંચશે. તથા ટ્રેન નં.09012 દર બુધવારે ભુજથી સાંજના 5 ને 40 મીનીટે ઉપડી બીજા દિવસે સવારે 8 ને ચાલીસે બાંદ્રા ટર્મિનસ પહોંચશે. જે 25 ફેબ્રુઆરી સુધી ચાલુ રહેશે.**

---

## LLDC – વિન્ટર ફેસ્ટિવલ

**અજરખપુર સ્થિત શ્રુજન- લિવિંગ એન્ડ લર્નિંગ ડિઝાઈન સેન્ટર LLDC ક્રાફ્ટ મ્યુઝિયમ ખાતે 'વિન્ટર ફેસ્ટિવલ-2026'નો પ્રારંભ થયો છે. કચ્છની લોકકલા સાથે જમ્મુ-કાશ્મીર, ઉત્તરાખંડ, નાગાલેન્ડ, મિઝોરમ, ઓડિશા, મધ્યપ્રદેશ અને ગોવા જેવા રાજ્યોની સંસ્કૃતિ, સંગીત અને નૃત્યના આદાન-પ્રદાન સાથે 'વિવિધતામાં એકતા'ની ભાવના આ ફેસ્ટીવલમાં જોવા મળી રહી છે.**

મહોત્સવના ઉદ્ઘાટન પ્રસંગે સંસ્થાના મેનેજિંગ ડાયરેક્ટર અમીબેન શ્રોફે જણાવ્યું કે, કચ્છની હસ્તકલાના સંવર્ધન માટે શરૂ થયેલ LLDCએ એક દાયકા પહેલા અન્ય ભારતીય કલાઓને પ્રોત્સાહિત કરવાની નેમ લીધી હતી. આ નાનકડી શરૂઆત આજે વટવૃક્ષ બની ગઈ છે તેમ તેમણે ઉમેર્યું હતું. આગામી તારીખ 25 જાન્યુઆરી સુધી દરરોજ સાંજે ચાર વાગ્યાથી રાત્રે દસ વાગ્યા સુધી આ ફેસ્ટિવલ નિહાળી શકાશે તેમ જણાવવામાં આવ્યું છે.

---------------------------------------------------------------------------------------

## માર્ગ નવીનીકરણ

હાલમાં સમગ્ર રાજ્યમાં રોડ-રસ્તાના  રિસર્ફેસિંગ અને સમારકામની કામગીરી પુરજોશમાં કરવામાં આવી રહી છે. જે અંતર્ગત માર્ગ અને મકાન પંચાયત વિભાગ હસ્તકના મેવાસા થી થોરિયારી-ભીમદેવકા-માણાબાના સાડા બાર  કિલોમીટર લંબાઈના માર્ગના નવીનીકરણ માટે ૭ કરોડ જેટલી માતબર રકમ મંજૂર કરવામાં આવી હતી. આ મંજૂર થયેલા માર્ગનું કાર્ય શરુ કરવામાં આવતા વિસ્તારમાં આનંદની લાગણી છવાઈ છે.

---------------------------------------------------------------------------------------

## રાપર – રખડતા ઢોરોને પકડવાની કામગીરી

રાપર શહેરમાં રખડતા આંખલાઓના કારણે અકસ્માતની ઘટનાઓ અને લોકોની રજૂઆતો બાદ નગરપાલિકા દ્વારા રખડતા ઢોર અને આંખલાઓને પકડવાની કામગીરી હાથ ધરવામાં આવી છે.

નગરપાલિકાની ટીમે રાપર શહેરના સલારીનાકા, ભૂતિયા કોઠા રોડ, માંડવી ચોક, માલી ચોક, અયોધ્યાપુરી, પ્રાગપર ચોકડી, એસટી બસ સ્ટેન્ડ રોડ સહિતના વિસ્તારોમાં કાર્યવાહી કરી છે. જે અંતર્ગત અત્યાર સુધી અઢીસો જેટલા રખડતા આંખલાઓને રાપર, ત્રંબો, સુવઈ, ફતેગઢ, પલાંસવા, ગાગોદર અને પદમપર સહિતની પાંજરાપોળ અને ગૌશાળામાં મોકલી દેવામાં આવ્યા છે. આ ઉપરાંત, જાહેરમાં કચરો નાખતા વેપારીઓ અને ઘાસચારો નાખતા લોકોને કડક સૂચના આપવામાં આવી છે.

---

## નખત્રાણા : ટ્રાફિક ઝુબેશ

**નખત્રાણામાં ટ્રાફિક વ્યવસ્થા સુધારવા અને માર્ગ અકસ્માતો ઘટાડવા માટે પોલીસે ઝુંબેશ શરૂ કરી છે. આ ઝુંબેશ અંતર્ગત વિવિધ ટ્રાફિક નિયમોનું પાલન કરાવવા માટે જાગૃતિ અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે.**

---

## બિદડા સર્વોદય ટ્રસ્ટ

**બિદડા સર્વોદય ટ્રસ્ટ ખાતે યોજાયેલા 52મા મેડિકલ અને સર્જીકલ કેમ્પમાં નિષ્ણાત તબીબોએ 57 મનોરોગી દર્દીઓની સારવાર કરી હતી. ડોકટરોના જણાવ્યા મુજબ દર્દીઓમાં મોટા ભાગે તણાવ, ચિંતા, હતાશા, ડર અને ભ્રમકતાના લીધે માથાનો દુઃખાવો તેમજ બેચેનીની સમસ્યાઓ જોવા મળી હતી.**

---

## WPL - ક્રિકેટ

**મહિલાઓની પ્રીમિયર લીગ – WPL ક્રિકેટમાં આજે યુપી વૉરિયર્ઝ અને ગુજરાત જાયન્ટ્સની ટીમ વચ્ચે મુકાબલો થશે. વડોદરામાં કોટમ્બીના BCA સ્ટૅડિયમમાં આજે સાંજે 7.30 વાગ્યે આ 14-મી મૅચ શરૂ થશે.**

---